નં.ડીએમ/વિ. સ.ચૂંટણી/૦૨/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. 03/૧૧/૨૦૨૨

Office of the District Magistrate Jamnagar District

**શસ્ત્ર અધિનિયમ –૧૯૫૯ ની કલમ–૨૨(૧)(ખ) હેઠળનો હુકમ**

વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર જામનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/ સંસ્થા દ્વારા ચૂંટણી સંબંધી સભા, સરઘસ/ રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણી પંચનો અભિગમ રહેલો છે. મુખ્ય નિર્વાચિન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૦૮/૦૯/૨૦૨૨ ના પત્ર નં.ઈએલસી/૧૦૨૦૨૨/૮૨/છ (MCC) થી ચૂંટણી મુકત અને ન્યાયી રીતે તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા તે માટે આગોતરા પગલા ભરવા જણાવેલ છે આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુંલેહશાંતિ અને કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાય છે.

ચૂંટણી સંબંધી કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. વધુમાં મતદાનની પ્રકિયા તેમજ મત ગણતરીની પ્રકિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરી કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનું વ્યાજબી અને યોગ્ય જણાય છે.

તેથી, હું, ડો. સૌરભ પારધી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, શસ્ત્ર અધિનિયમ–૧૯૫૯ ની કલમ–૨૨(૧)(ખ) તળે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે : જામનગર જિલ્લાના આત્મરક્ષણ તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (અપવાદ સિવાયના) એ તેમના હથિયાર દિવસ–૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી. (પોલીસ સ્ટેશન તરફથી સુચના મળવાની રાહ જોયા વિના આ હુકમને સુચના ગણી હથિયારો જમા કરાવી દેવાના રહેશે.)

–: અપવાદો :–

૧. જામનગર જિલ્લામાં ફરજ બજાવતા તમામ મેજિસ્ટ્રેટશ્રીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના તમામ અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર (સરકારી કે અંગત) ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા પરવાનો ધરાવે છે તેમને અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે તેને લાગુ પડશે નહી.

૨. બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રીના હોદાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને લાગુ પડશે નહી.

૩. માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ–દેવડ કરતા હોય તેવા હથિયારધારી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામા આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં ફરજ બજાવતા હોવાનું સંબધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટાગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

૪. મોટા ઔધોગીક એકમો, જાહેર સાહસો, બોર્ડ/ નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક/ જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો.

૫. વિજ કંપનીઓના ઉત્પાદન, પ્રવહન અને તપાસ એકમો દ્વારા કામે રખાયેલ સિક્યુરીટી સ્ટાફના પરવાનાવાળા હથિયારોને કંપનીના અધિકારીનું તે મતલબનું પ્રમાણપત્ર લાયસન્સદારના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે, તેવી શરતે હથિયાર જમા કરાવવામાંથી મુકિત રહેશે.

૬. ગેસ કંપની અને ઓઈલ કંપનીઓના પમ્પીંગ સ્ટેશન પર સલામતિના હેતુ માટે કામે રખાયેલ સિક્યુરીટી સ્ટાફના પરવાનાવાળા હથિયારોને કંપનીના અધિકારીનું તે મતલબનું પ્રમાણપત્ર લાયસન્સદારના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે, તેવી શરતે હથિયાર જમા કરાવવામાંથી મુકિત રહેશે.

૭. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોઇ તેઓને લાગુ પડશે નહી.

૮. જિલ્લાના જે પરવાનેદારો હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ મેળવવા પાત્ર હોય તેઓએ જિલ્લા કક્ષાએ <u>દિન-૪</u> માં **"SCREENING COMMITTEE"** સમક્ષ અરજી કરવાની રહેશે.

૯. નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતો,
(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભુમિકાવાળી વ્યકિતઓ,
(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,
(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ
(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેવા ઇસમો,

જે હથિયાર પરવાનાઓની મુદત તા.૩૧-૧૨-૨૦૨૨ ના રોજ પૂર્ણ થવાની હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરી તેમજ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટની કચેરીએ રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુઅલની અરજી જમા કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રકિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથીયાર શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે.

વધુમાં આથી આદેશ કરુ છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રકિયા પુર્ણ થવાની <u>તા.૧૦/૧૨/૨૦૨૨ પછી</u> દિવસ-૭ માં સંબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પુર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. 03 માહે નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યુ.

(ડૉ. સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દવારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ..........................(તમામ)

૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેક્ટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,................... પો.સ્ટે., જી.જામનગર (તમામ)

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર

(૪) ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર

(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ..........................

નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૩/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા.૦૩/૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪(એ) હેઠળનું જાહેરનામું

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે.આ તારીખથી સમગ્ર જામનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/ સંસ્થા દવારા ચૂંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. ચૂંટણી સંબંધી કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૦૮/૦૯/૨૦૨૨ ના પત્ર નં.ઈએલસી/૧૦૨૦૨૨/૮૨/છ (MCC) થી ચૂંટણી મુકત અને ન્યાયી રીતે તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા તે માટે આગોતરા પગલા ભરવા જણાવેલ છે આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી, હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪(એ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે : જામનગર જિલ્લાના આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો(અપવાદ સિવાયના) એ તેમના પરવાના વાળા હથિયાર સાથે કોઈ સરઘસ કાઢવા કે સભા યોજવા કે તેમાં ભાગ લેવા કે હથિયાર સાથે જાહેર સ્થળે ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદો :-

૧. ફરજની રૂએ જેમને સરકારી હથિયાર ફાળવવામાં આવેલ હોય તેવા તથા સ્વરક્ષણ માટે અંગત હથિયાર પરવાનો મંજુર કરાયેલ હોય તેવા તમામ સરકારી અધિકારીઓ.
૨. તમામ મેજિસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલ્વે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓ.
૩. ફરજની રૂએ જેમને હથિયાર ફાળવવામાં આવેલ હોય તેવા હોમગાર્ડના જવાનો.

આ હુકમ ચૂંટણીની પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૦૩ માહે: નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ........................(તમામ)

૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેક્ટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,.................. પો.સ્ટે., જી.જામનગર (તમામ)

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર

(૪) ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર

(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ..........................

નં.ડીએમ/વિ.સ. ચૂંટણી/૦૪/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. 03/૧૧/૨૦૨૨

સંદર્ભ :-

(૧) આ કચેરીના આદેશ નં.મેજી/૪૨૬ તા.૧૧/૧૨/૭૦
(૨) આ કચેરીના આદેશ નં.મકજ/૪૨૫/એ તા.૩૦/૦૧/૭૧
(૩) આ કચેરીના આદેશ નં.પ્રકજ/૭૩/૧ તા.૨૮/૬/૭૩

**આદેશ :-**

આ કચેરીના સંદર્ભ ૧ થી ૩ માં દર્શાવેલ હુકમોથી સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ ઈન્સ્પેકટરશ્રી અને પોલીસ સબ ઈન્સપેકટરશ્રીને આપવામાં આવેલ છે. આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમ્યાન ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં સરઘસ કાઢવા, સભા ભરવાની પરવાનગી આપવાના અધિકારો જાહેરનામાંની તારીખથી શરૂ કરી ચૂંટણીની પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) સભા સરઘસ નિયમોના નિયમ ૧ અને ૮ હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

| ક્રમ | વિસ્તાર | અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે, જામનગર શહેરના તમામ વિસ્તાર માટે | સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર) |
| ૨ | જિલ્લાના અન્ય વિસ્તાર માટે | સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ |
| ૩ | જામનગર જિલ્લાના એકથી વધારે વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર |
| ૪ | ૭૮-જામનગર (ઉતર) વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, જામનગર (શહેર) |
| ૫ | ૭૯-જામનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, પ્રોટોકોલ , કલેકટર કચેરી, જામનગર |

સભા, સરઘસની પરવાનગી સરકારશ્રીના ગૃહ વિભાગની તથા રાજયના ચૂંટણી આયોગની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ

પરવાનગીની નકલ અત્રેને તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને તુરંત મોકલવાની રહેશે.

(ડૉ. સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
(૧) ચૂંટણી અધિકારીશ્રી, .............................. (તમામ)
(૨) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી,............................(તમામ)

નકલ રવાના :-
૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી .........................(તમામ)
૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગ
૫. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,.................. પો.સ્ટે., જી.જામનગર (તમામ)
૬. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.
૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )
૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર
.... ઉકત હુકમને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૫/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. 03/૧૧/૨૦૨૨

સંદર્ભ :–
(૧) આ કચેરીના આદેશ નં. મેજી/૪૫૬૬, તા. ૮/૧૨/૭૦
(૨) આ કચેરીના આદેશ નં. મકજ/૭૩–૧, તા. ૨૮/૦૬/૭૩
(૩) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો –૧૯૬૦

**આદેશ :–**

આ કચેરીના સંદર્ભ ૧, ૨ અને ૩ માં દર્શાવેલ હુકમોથી જાહેર સ્થળો તથા જાહેર મનોરંજનની જગ્યામાં લાઉડ સ્પીકર વગાડવા માટે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, જે તે પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટરને આપવામાં આવેલ છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ દરમિયાન ઉમેદવારો તરફથી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધિકારો જાહેરનામાંની તારીખથી શરૂ કરી ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો–૧૯૬૦ના નિયમ ૧ અને ૭ હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

| ક્રમ | વિસ્તાર | અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે, જામનગર શહેરના તમામ વિસ્તાર માટે | સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર) |
| ૨ | જિલ્લાના અન્ય વિસ્તાર માટે | સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ |
| ૩ | જામનગર જિલ્લાના એકથી વધારે વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર |
| ૪ | ૭૮–જામનગર (ઉતર) વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, જામનગર (શહેર) |
| ૫ | ૭૯–જામનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, પ્રોટોકોલ , કલેકટર કચેરી, જામનગર |

લાઉડ સ્પીકરની પરવાનગી સરકારશ્રીના ગૃહ વિભાગની તથા રાજ્ય ચૂંટણી આયોગની વખતો–વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ

પરવાનગીની નકલ અત્રેને તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને તુરંત મોકલવાની રહેશે.

નામ. સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી કોઈપણ સંજોગોમાં રાત્રીના ૧૦–૦૦ પછી અને સવારના ૬–૦૦ વાગ્યા સુધીના સમય માટે આપી શકાશે નહી. જેની સંબંધકર્તા તમામ અધિકારીઓએ નોંધ લેવી.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ડૉ. સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
(૧) ચૂંટણી અધિકારીશ્રી, .............................. (તમામ)
(૨) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી,............................(તમામ)

નકલ રવાના :–

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ..........................(તમામ)
૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગ
૫. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,.................. પો.સ્ટે., જી.જામનગર (તમામ)
૬. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )
૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત હુકમને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નં.ડીએમ/વિ.સ. ચૂંટણી/૦૬/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૦૩ /૧૧/૨૦૨૨

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧)(છ) હેઠળનું જાહેરનામું

વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે ભારતના ચૂંટણી પંચ દ્વારા બંધારણની કલમ–૩૨૪ મુજબ બાહાર પાડેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઇઓના અમલ માટે જામનગર જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી પગલા લેવા જરૂરી છે.

**તેથી, હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧)(છ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે : જામનગર જિલ્લાના હદ વિસ્તારમાં જાહેરનામાંની તારીખથી શરૂ કરીને ચૂંટણીની પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

**-: કૃત્યો :-**

(૧) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દવારા અધિકૃત કરાયેલ અધિકારી તથા સંબંધિત મતદાર વિભાગના મદદનીશ નિવાર્ચન અધિકારી અથવા તેના દવારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામાંના કોઇપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ– ૧૯૫૧ની કલમ–૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની સજાને પાત્ર પણ થશે. આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો વિરુધ્ધ પગલા લેવા માટે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દવારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી .

આજ તા.૦૩ માહે નવેમ્બર–૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ..........................(તમામ)

૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૪. ચૂંટણી અધિકારી ૭૬–કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭–જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેક્ટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,.................. પો.સ્ટે., જી.જામનગર (તમામ)

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
(૪) ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
(૫) જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ...........................

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૮/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૦૩ /૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર જામનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત / સંસ્થા દવારા ચૂંટણી સંબંધી સભા, સરઘસ, રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણી પંચનો અભિગમ રહેલો છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૦૮/૦૯/૨૦૨૨ ના પત્ર નં.ઈએલસી/૧૦૨૦૨૨/૮૨/છ (MCC) થી ચૂંટણી મુકત અને ન્યાયી રીતે તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા તે માટે આગોતરા પગલા ભરવા જણાવેલ છે. ચૂંટણી સંબંધી પ્રચાર માટે કે આવેદનપત્ર આપવાના હેતુથી કે દેખાવો યોજવાના હેતુથી જાહેર સ્થળોએ લોકો ટોળા સ્વરૂપે એકઠા કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાય નહી. આથી સમગ્ર જિલ્લામાં સુલેહ શાંતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે,જામનગર જિલ્લામાં ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહીં.

વધુમાં આદેશ કરૂ છુ કે આ જાહેરનામું નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રાને.
(૫) ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી અથવા આવી પરવાનગી આપવા માટે અધિકૃત કાર્યપાલક મેજિસ્ટ્રેટ દવારા મંજુરી આપેલ વ્યકિતઓને.

આ હુકમ ચૂંટણીની પ્રકિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૦૩માહે નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:--

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ..........................(તમામ)

૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેક્ટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,.................. પો.સ્ટે., જી.જામનગર (તમામ)

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર

(૪) ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર

(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ..........................

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
* ગુજરાત રાજય *
Jamnagar District

નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૯/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. 03 /૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર જામનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. પ્રવર્તમાન ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારોના ટેકેદારો તરફથી ઈલેક્ટ્રોનીક મીડીયાના માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલરૂમથી તથા ટી.વી.ચેનલના રાજય, આંતરરાજય કે આંતરરાષ્ટ્રીય તેમજ એ.એમ. અને એફ.એમ. રેડીયો નેટવર્કના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (નિયમન)અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક (વિનિમયો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જે મુજબ જાહેરાત નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યકિત કોઈ જાહેરાત પ્રસારિત કે પુન:પ્રસારિત કરી શકે નહી, તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઈએ નહી તેવી જોગવાઈ છે. ભારતના ચૂંટણી પંચે ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઈ પક્ષ, સંસ્થા કે ઉમેદવારની તરફેણ કે વિરુધ્ધમાં કે ચૂંટણી પંચે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓ વિરુધ્ધ કોઈપણ ચૂંટણી વિષયક જાહેરાત ઈલેક્ટ્રોનિકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે સંવિધાનની કલમ-૧૪૨ હેઠળની સતાનો ઉપયોગ કરીને તા.૧૫/૦૪/૨૦૦૪ ના હુકમ ક્રમાંક: ૫૦૯/૭૫/જેએસ/૧ થી નામ.સુપ્રિમ કોર્ટે એસએલપી(સિવિલ) નં.૬૬૭૯/૨૦૦૪ના કામમાં ઠરાવેલ વિગતે આદેશાત્મક જોગવાઈ કરેલ છે.

તેમજ ભારતના ચુંટણી પંચના તા.૨૭/૦૮/૨૦૧૨ના પત્ર ક્રમાંક: ૪૯૧/પેઈડ ન્યઝ/ ૨૦૧૨/મીડીયા ની માર્ગદર્શક સુચનાઓ અન્વયે <u>અધિક મુખ્ય નિવાર્ચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧૬/૦૩/૨૦૧૭ ના પત્ર નં. ઈએલસી/૧૦૨૦૧૭/૩૬૦/છ</u>(SVEP) થી થયેલ સુચનાનુસાર જિલ્લા કક્ષાએ તમામ પ્રકારની જાહેરાતો, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેના સર્ટીફીકેશન માટે મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટિની રચના કલેકટર અને જિંલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે. જે અંગેની કામગીરી નાયબ નિયામકશ્રી, માહિતી ખાતુ, જામનગર, સભ્ય સચિવ તરીકે સંભાળે છે.

સબબ, ઉપરોકત સુચનાની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાય છે. જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે,**

૧. ટેલીવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૨. બીજી કોઈ વ્યકિત અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વિગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડી સાત દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૩. ઈલેક્ટ્રોનિક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણિત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે.

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વિગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી જિલ્લા કક્ષાની મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટિના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામકશ્રી, જામનગરને કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ

(બી) ઈન્સર્શન્સની સંખ્યાના વિભાજન અને આવા દરેક ઈન્સર્શન માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે ટેલીવિઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજિત ખર્ચ

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શકયતાના લાભ માટે છે કે કેમ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઈ વ્યકિતએ આપી હોય તો તે વ્યકિત સોગંદ પર જાહેર કરશે કે, તે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી અને ઉકત જાહેરાત કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચુકવણી કરી નથી.

